# શહેરના વન આરક્ષિત વિસ્તારમાં ફેન્સીંગના ગાબડા પુરવા વનતંત્ર કામે લાગ્યુ

### મુખ્યમાર્ગો આસપાસ ફેન્સીંગ તુટેલી જોવા મળે છે : વન આરક્ષિત વિસ્તારમાં દબાણોનો પણ અડ્ડો

શહેરમાં વન આરક્ષિત વિસ્તારમાં હરિયાળા રોપાઓની જાળવણી માટે નિર્માણ કરાયેલી ફેન્સીંગ પણ તુટેલી હાલતમાં જોવા મળી રહી છે. મોટાભાગની ફેન્સીંગના સિમેન્ટની થાંભલીઓ પણ તુટી ગઈ છે. જયારે હાલ નગરના ગ-૨ થી ગ- ૩ માર્ગ વચ્ચે ફેન્સીંગ રીપેર કરવા માટે વનતંત્રએ કામગીરી હાથ ધરી છે.



શહેરમાં એકબાજુ વન આરક્ષિત વિસ્તારમાં હરિયાળીનુ નિકંદન વાળવાની તૈયારીઓ ચાલી રહી છે. નગરને સ્માર્ટ સીટી અન્વયે ૨૪ કલાક પાણી સપ્લાય કરવા માટે પાણીની પાઈપલાઈન નાંખવા આયોજન કરવામાં આવી રહ્યુ છે. જેમાં શહેરના વન આરક્ષિત વિસ્તારમાં હરિયાળા વૃક્ષો તેમજ કુમળા રોપાઓની પણ કટોતી કરવામાં આવનાર છે. બીજીતરફ વનતંત્ર દ્વારા વન આરક્ષિત વિસ્તારમાં વરસાદી દિવસોના અંતે નવા રોપાઓની પણ વાવણી કરવામાં આવે છે. જયારે આ રોપાઆની જાળવણી માટે વન આરક્ષિત વિસ્તારને ફેન્સીંગ પણ કરવામાં આવી છે. પરંતુ નગરના ઘણાંખરા વિસ્તારમાં આ ફેન્સીંગ તુટેલી હાલતમાં જોવા મળી રહી છે જેના લીધે વનતંત્ર દ્વારા સમયાંતેર ફેન્સીંગના ગાબડા પુરવા માટે કામગીરી હાથ ધરવામાં આવે છે. હાલ પણ શહેરના વન આરક્ષિત વિસ્તારમાં ફેન્સીંગ હોવા છતા દબાણો અને ગંદકી યથાવત છે. એકબાજુ વન આરક્ષિત વિસ્તારમાં દબાણોનો અડ્ડો છે. ત્યારે હરિયાળા વૃક્ષોને આમ પણ નુકશાન થઈ રહ્યુ છે. વનતંત્રએ હાલ શહેરના મુખ્યમાર્ગો આસપાસ સ્થિત વન આરક્ષિત જગ્યાની ફેન્સીંગના ગાબડુ પુરવા માટે કામગીરી હાથ ધરી છે. ગ-૨ થી ગ-૩ વચ્ચેના વિસ્તારમાં પણ ફેન્સીગ રીપેરીંગની કામગીરી હાથ ધરવામાં આવી છે. શહેરમાં વન આરક્ષિત વિસ્તારમાં સિમેન્ટની થાંભલીઓના આધારે ફેન્સીંગ કરાયુ છે પરંતુ મોટાભાગના ઠેકાણે આ ફેન્સીંગ પણ તુટી ગઈ છે.

# શહેરમાં પાનના ગલ્લા-પાર્લર બંધ




ગાંધીનગર જિલ્લા-શહેરી વિસ્તારમાં સતત વધતા જતા કોરોનાના સંક્રમણને પગલે જિલ્લા કલેકટર ડો.કુલદીપ આર્ય દ્વારા ૩૦ એપ્રિલ સુધી તમામ પાન-મસાલાના ગલ્લા તેમજ પાર્લર સંપૂર્ણ બંધ રાખવાનો હુકમ કર્યો છે. જેને પગલે મંગળવારના રોજ સવારે નિયતક્રમ મુજબ પાન-મસાલા, બીડી-સીગારેટ અને તમાકુના બંધાણીઓ ગલ્લા -પાર્લર ઉભા થઈ ગયા હતા. પરંતુ ગલ્લા ન ખુલતા બંધાણીઓને પરત ફરવુ પડ્યું હતું. જયારે કેટલાક વ્યકિતઓએ ગતરોજ સાંજથી દુકાન પરથી પોતાનો તમાકુ, મસાલા, ગુટખા, બીડી-સીગારેટ સહિતની ખરીદી મોટાપાયે કરી દીધી હતી. તમામ સ્થળ પર પાન મસાલા, તમાકુ, બીડી-સીગારેટ આદિના સેવનને પગલે પાનના ગલ્લાઓ પર એકઠી થતી ભીડને પગલે કોરોના સંક્રમણની શક્યતા ખુબ જ વધી જવા પામે છે. જેથી નાગરીકોની સુખાકારી માટે ગાંધીનગર જિલ્લામાં પાન-પાર્લરો બંધ રાખવા માટે તંત્ર દ્વારા હુકમ કરાયો છે.

# સે-૨૯ વંદે માતરમ પાર્કમાં નર્મદાનું પાણી સપ્લાય કરવા રજુઆત

### હાલ બોરનુ પાણી આપવામાં આવે છે : બોરના પાણીના લીધે વિટામીન બી-૧૨ ન મળતુ હોવાની ફરિયાદો પણ સ્થાનિકો કરી રહ્યા છે

ગાંધીનગર તા ૧૩

શહેરના સે-૨૯ માં નવનિર્મિત વંદે માતરમ પાર્કમાં બોરનુ પાણી મળતા રહીશોમાં વિટામીન બી ૧૨ ની ખામીનુ પ્રમાણ વધ્યુ હોવાની ફરિયાદોના લીધે રોષ પ્રવર્તયો છે. સ્થાનિકોએ આ કોલોનીમાં નર્મદાનુ પાણી સપ્લાય કરવામાં આવે તેવી માંગણી કરી છે.

શહેરના સેકટરોમાં તબક્કાવાર નવા સરકારી આવાસો બાંધવામાં આવે છે. જયારે આ આવાસોનુ કામ પણ ઝડપથી પુર્ણ થાય તે માટે પણ આયોજન કરાયુ છે. સે-૭ સે-૨૯ અને સે-૩૦ માં કામ પુર્ણ થયા બાદ હાલ સે-૬ માં પણ નવા આવાસો બાંધવાની કામગીરી ચાલી રહી છે. જયારે આગામી દિવસોમાં હજુ સે-૨૯ માં નવા મકાનો બાંધવા માટે પણ આયોજન કરાયુ છે. હાલ તો આ વિસ્તારમાં જુના અને જોખમી આવાસો ખાલી કરાવવા સહીત ખંડેર મકાનો તોડવા માટેની પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. બીજીતરફ સે-૨૯ માં અગાઉ તંત્ર દ્વારા નવા બનાવાયેલા સરકારી આવાસોમાં નર્મદાનુ પાણી સપ્લાય ન થતુ હોવાની ફરિયાદો પણ પ્રબળ બની છે. સ્થાનિકોએ આ અંગે રજુઆતમાં જણાંવ્યા મુજબ સે-૨૯ સ્થિત વંદે માતરમ પાર્ક ૧ માં રહીશોને નર્મદાનુ પાણી મળતુ નથી જેના લીધે હાલ ની સ્થિતિએ બોરનુ પાણી સપ્લાય કરવામાં આવે છે. જયારે બોરના પાણીના લીધે રહીશોમાં આરોગ્ય સંબંધિત અનેક ફરિયાદો ઉઠવા પામી છે.

બોરના પાણીમાં જરૂરી મીનરલ્સ ન હોવાના લીધે પીવાના પાણી મામલે ગુણવત્તાનો પ્રશ્ન ઉભો થયો છે. સપ્લાય થતા પાણીમાં ટી ડી એસ નુ પ્રમાણ ૭૦૦ જેટલુ હોય છે.આ વિસ્તારમાં નર્મદાનુ પાણી સપ્લાય કરવામાં આવે તેવી માંગણી પણ સ્થાનિકોએ ઉઠાવી છે. સ્થાનિકોના મત મુજબ સોસાયટીની બાજુમાં સ્થિત રહેણાંક વિસ્તારમાં નર્મદાના પાણીના સપ્લાયની લાઈન કાર્યરત છે. જયારે આ લાઈનમાંથી આ વિસ્તારમાં જોડાણ આપી દેવામાં આવે તો પણ સોસાયટીના રહીશાને નર્મદાનુ પાણી મળી રહે તેમ છે. આ મામલે સ્થાનિકોએ તંત્ર સમક્ષ રજુઆત પણ કરી છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લામાં ૪ તલાટી કોરોનાથી સંક્રમિત થયા.
- વસાહત મંડળના સુધીર દેસાઈ અને તેમના પત્ની કોરોનાથી સંક્રમિત થયા છે.
- અભય મંડપ ડેકોરેટર્સવાળા મન્સુરીભાઈ અને તેમનો પરિવાર કોરોનાથી સંક્રમિત થયો છે.
- ચંદ્રાલા ગ્રામ પંચાયતે કોરોના સંક્રમણની વધતી સ્થિતિને ધ્યાને રાખી ગામની દુકાનો માત્ર સવારે ૬ થી ૧ ચાલુ રાખવાના આદેશ સાથે ગામમાં બહારથી ફેરિયા કે અન્ય વ્યક્તીઓના પ્રવેશ માટે મનાઈ ફરમાવી છે.
- ગાંધીનગર શહેરમાં સે. ૨૨ ના વેપારી એસો.એ પણ બપોરના ૨ વાગ્યા સુધી જ દુકાનો ખુલ્લી રાખવાનો નિર્ણય કર્યો છે.
- ક્ષત્રિય સમાજના અગ્રણી અને માણસાના વતની પૃથ્વીસિંહ દોલતસિંહ રાઓલનું કોરનાની સારવાર દરમ્યાન દુઃખદ અવસાન થયુ છે.
- ગાંધીનગર શહેરમાં આજે ૯૩૭ એન્ટીજન ટેસ્ટ અને આર.ટી.પી.સી.આર. ટેસ્ટ ૪૩૯ મળી ૧૩૭૬ લોકોના ટેસ્ટ કરવામાં આવ્યા છે.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




મને લાગે છે આ વખતના લોકડાઉનમાં રામાયણ - મહાભારત નહીં આવે... ગરૂડ પુરાણની શક્યતા છે...!!



પુજ્ય ડૉ. ભીમરાવ આંબેડકરની જન્મજયંતિ નિમિત્તે વૉર્ડ.૩ ભાજપ દ્વારા ભીમજ્યોત કાર્યક્રમ સંપન્ન થયો હતો. આ પ્રસંગે ભાજપ વોર્ડ.૩ ના ઉમેદવારો સંજીવભાઈ મેહતા, ભરતભાઈ ગોહિલ, સોનાલીબેન પટેલ, દીપિકાબેન સોલંકી, કિર્તીભાઈ, વિજયભાઈ, પૂર્વ કોર્પોરેટર હર્ષાબા ધાંધલ, ઉરેન પટેલ, મુકેશભાઈ પરમાર વગેરે ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને સૌએ ડૉ. બાબા સાહેબ ભીમરાવ આંબેડકરના પદ ચિહ્નો પર ચાલવાના શપથ લીધા હતા.



દહેગામ તાલુકાની લીહોડા સ્થિત ગાયત્રી વિદ્યાવિહાર શાળામાં અભ્યાસ કરતી વિદ્યાર્થીઓને ગુજરાત સરકારની સરસ્વતી સાધના સાયકલ સહાય યોજના હેઠળ સાયકલ વિતરણ કાર્યક્રમનું આયોજન શાળાના આચાર્ય બહેચરભાઈ ચૌધરીની ઉપસ્થિતિમાં યોજવામાં આવ્યુ હતુ.

